ગાંધીનગર, ભાવનગરથી પ્રસિદ્ધ થતું દૈનિક

R.N.I. No. GUJ GUJ/2009/30710
E-mail, gandhinagartoday@yahoo.in

# ગાંધીનગર ટુ ડે

Gandhinagar today

web site : www.gandhinagartoday.com

તંત્રી : રાજેશ જે મણીયાર
મો.૯૪૨૬૯૧૭૭૦૦

માલીક - મુદ્રક - પ્રકાશક : રાજેશ જસવંતરાય મણીયાર ★ મુદ્રણ સ્થાન : રાજ પ્રિન્ટર્સ, પ્લોટ નં. ૪, વિજય કોલોની, એરપોર્ટ રોડ, સુભાષનગર, ભાવનગર ખાતેથી છાપી પ્લોટ નં. ૪, વિજય કોલોની, એરપોર્ટ રોડ, સુભાષનગર, ભાવનગર ખાતેથી પ્રકાશિત કર્યુ.

★ વર્ષ :૧૦ ★ અંક : ૧૦૨ ★ તા. ૧૨-૦૨-૨૦૧૯ ★ કિંમત ૨-૦૦ ★ વાર : મંગળવાર ★ પાના : ૪ ★ પ્રકાશન સ્થળ : પ્લોટ નં. ૪, વિજય કોલોની, એરપોર્ટ રોડ, સુભાષનગર, ભાવનગર ★ તંત્રી : રાજેશ જે. મણીયાર

# પ્રિયંકા-રાહુલના રોડ શોમાં લોકો ઉમટ્યા



## રોડ શો યોજી પ્રિયંકાએ રાજકીય ઇનિંગ્સની શરૂઆત કરી : રાહુલ ગાંધી રોડ શો દરમિયાન રાફેલના કટઆઉટની સાથે દેખાયા : ચોકીદાર ચોર હૈના નારા લાગ્યા : પ્રિયંકા અને સિંધિયા મહામંથનમાં વ્યસ્ત બની ગયા

લખનૌ, તા. ૧૧

લોકસભા ચૂંટણી પહેલા મહાસચિવ બનાવીને મિશન ઉત્તરપ્રદેશ પર મોકલવામાં આવેલા પ્રિયંકા ગાંધી વાઢેરાએ આજે લખનૌમાં મેગા રોડ શો યોજીને પાર્ટીના કાર્યકરોમાં નવો જુસ્સો વધાર્યો હતો. આની સાથે જ પ્રિયંકા વાઢેરાએ પોતાની રાજકીય ઈનિંગ્સની શરૂઆત કરી હતી. કોંગ્રેસના લકીરથ અને માથા પર રહસ્યમય કાળા તિલકની સાથે રોડ શો ઉપર નિકળેલા રાહુલ અને પ્રિયંકાએ કાર્યકરોમાં જુસ્સો ભરવાનો પ્રયાસ કર્યો હતો. હાથમાં રાફેલ લઈને ભાજપ ઉપર પ્રહાર કરતા આગળ વધ્યા હતા. પ્રિયંકાની એન્ટ્રી રોડ શોના માહોલથી આગળ નિકળીને ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસના કાર્યકરોમાં જુસ્સો ભરી શકે તેને લઈને હજુ પણ શંકાઓ દેખાઈ રહી છે. ઉત્તરપ્રદેશમાં નિષ્ક્રિય બની ગયેલી અને ચોથા સ્થાને પહોંચી ગયેલી કોંગ્રેસ પાર્ટીને નવેસરથી ઉભી કરવાની જવાબદારી પ્રિયંકાને સોંપવામાં આવી છે. પૂર્વીય ઉત્તરપ્રદેશના પ્રભારી તરીકે પ્રિયંકાને જવાબદારી સોંપવામાં આવી છે. લોકસભા ચૂંટણી આડે વધારે સમય રહ્યો નથી ત્યારે પ્રિયંકા સામે અનેક પડકારો રહેલા છે. ઉત્તરપ્રદેશમાં દરેક ચૂંટણીની સાથે કોંગ્રેસની હાલત વધુને વધુ કફોડી બની રહી છે. કોઈ સમયે દલિતો અને મુસ્લિમ સમુદાયના લોકોમાં મજબૂત ઓળખ ધરાવનાર કોંગ્રેસ પાર્ટી હવે નહીવત જેવી થઈ ગઈ છે. દલિત સમુદાયના લોકો કોંગ્રેસનો સાથ છોડીને બહુજન સમાજ પાર્ટીની સાથે આવી ગયા છે. જ્યારે મુસ્લિમ સમુદાયના લોકો અખિલેશ યાદવની પાર્ટી સમાજવાદી પાર્ટી સાથે જોડી ગયા છે. આવી સ્થિતિમાં કોંગ્રેસ સામે અનેક પડકારો રહેલા છે. રોડ શોમાં પ્રદેશ અધ્યક્ષ રાજ બબ્બર, રાજીવ શુક્લા, આરપીએમ સિંહ પણ જોડાયા હતા. લખનૌના સ્થાનિક લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. કોંગ્રેસના પોસ્ટરોમાં પ્રિયંકાના દુર્ગા અવતારને દર્શાવવામાં આવ્યા છે. રાહુલ પ્રિયંકા અને જ્યોતિરાદિત્યના રોડ શોમાં ચોકીદાર ચોર હૈના નારા લગાવવામાં આવ્યા હતા. રાહુલે હાથમાં રાફેલ વિમાનના કટઆઉટ સાથે નજરે પડ્યા હતા.

### યુપીમાં કોંગી બેકફુટ પર નહીં ફ્રન્ટફુટ ઉપર રમશે : રાહુલ

*લખનૌમાં કોંગ્રેસ પાર્ટીના રોડ શો દરમિયાન રાહુલ ગાંધીએ પણ ભાગ લીધો હતો. લોકસભા ચૂંટણીને લઇને કોંગ્રેસે હવે પોતાની રણનીતિ સ્પષ્ટ કરી દીધી છે. રોડ શોના ગાળા દરમિયાન કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, પાર્ટી અહીં બેકફુટ ઉપર નહીં બલ્કે ફ્રન્ટફુટ ઉપર રમશે. આની સાથે જ પ્રિયંકા ગાંધી વાઢેરા અને જ્યોતિરાદિત્ય સિંધિયાને ઉત્તરપ્રદેશના પ્રભારી મુખ્યરીતે ૨૦૨૨ની ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં લઇને બનાવવામાં આવ્યા છે. રાહુલે કહ્યું હતું કે, ઉત્તરપ્રદેશનું કોઇ કેન્દ્ર છે, દિલ છે તો લખનૌ છે. પ્રિયંકા અને સિંધિયાને અહીંના જનરલ સેક્રેટરી બનાવવામાં આવ્યા છે. ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસ પાર્ટીની સ્થિતિ મજબૂત કરવામાં આવશે. ઉત્તરપ્રદેશમાં વર્ષોથી અન્યાય થઇ રહ્યો છે. આ અન્યાયની સામે પ્રિયંકા અને સિંધિયાને લડવાની જવાબદારી સોંપવામાં આવી છે. ઉત્તરપ્રદેશમાં ન્યાય કરી શકે તેવી સરકાર લાવવાની જવાબદારી છે. તેમણે કહ્યું હતું કે, આ બંને નેતાઓનું ધ્યાન લોકસભામાં જરૂર છે પરંતુ તેમનો મુખ્ય ઉદ્દેશ્ય ૨૦૨૨માં યોજાનાર વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસની સરકાર બનાવવાનો છે. અમે અહીં આક્રમક રમત રમવા માટે તૈયાર છે.*

### મિશન યુપી : પ્રિયંકા સામે શ્રેણીબદ્ધ પડકારો

*લોકસભા ચૂંટણી પહેલા ઉત્તરપ્રદેશમાં મોટી જવાબદારી પ્રિયંકા ગાંધી વાઢેરાએ સંભાળી લીધી છે પરંતુ તેમના માટે અનેક પડકારો છે. કોંગ્રેસની હાલત ઉત્તરપ્રદેશમાં નહીવત સમાન બનેલી છે. આવી સ્થિતિમાં તેમની સામે મજબૂત સ્થિતિ મજબૂત પાર્ટીઓ સામે ટક્કર લેવાની બાબત મુશ્કેલરુપ રહેશે. કમજોર સંગઠન, નબળા નેતાઓ, પૂર્વાંચલમાં હાલત કફોડી, વોટબેંકની રાજનીતિ અને જીતી શકાય તેવા ઉમેદવારો પાર્ટીમાં નહીં હોવાથી કોંગ્રેસની હાલત કફોડી બનેલી છે. ૧૯૮૯માં ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસના હાથમાંથી સરકાર નિકળી ગયા બાદ ક્ષેત્રિય પાર્ટીઓ આગળ વધી ગઈ છે. સપા અને બસપાની સ્થિતિ મજબૂત બની ગઈ છે ત્યારે કોંગ્રેસ પાર્ટી ખુબ પાછળ ફેંકાઈ ગઈ છે. ભારતીય જનતા પાર્ટી મોદી લહેર વચ્ચે ૨૦૧૪માં સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી હતી. લોકસભાની સાથે સાથે વિધાનસભાની ચૂંટણીમાં પણ ભાજપે જોરદાર સપાટો બોલાવ્યો હતો અને બસપા અને સપા સહિત કોંગ્રેસનો સફાયો થયો હતો. આ તમામ પડકારો વચ્ચે તેમની સામે અનેક પડકારો છે. પ્રિયંકા સામે સૌથી મુશ્કેલ મોદી અને યોગીની જોડીને રોકવાનો છે. પૂર્વાંચલની ૪૩ લોકસભા સીટો પર મુલ્યાંકન માટે પ્રિયંકા પાસે વધારે સમય નથી.*



નાયડુની ભૂખ હડતાળમાં રાહુલ ગાંધી પહોંચ્યા

## ખાસ રાજ્યના દરજ્જાની માંગ સાથે હવે નાયડુએ હડતાળ કરી

### કોંગી પ્રમુખ રાહુલ ઉપરાંત અરવિંદ કેજરીવાલ સમર્થન આપવા પહોંચ્યા : આંધ્ર ભવનમાં યોજાયેલી ભૂખ હડતાળ

નવી દિલ્હી,તા. ૧૧

તેલુગુ દેશમ પાર્ટીના પ્રમુખ અને આંધ્રપ્રદેશના મુખ્યપ્રધાન એન. ચન્દ્રાબાબુ નાયડુએ આજે એક દિવસ માટે ભૂખ હડતાળ કરી હતી. ભૂખ હડતાળના ગાળા દરમિયાન નાયડુને મળવા માટે અનેક મોટા નેતાઓ પહોંચ્યા હતા જેમાં કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીનો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં સવારે આંધ્ર ભવનમાં પોતાની એક દિવસની ભુખ હડતાળ ચંદ્રાબાબુ નાયડુએ શરૂ કરી હતી. આંધ્રપ્રદેશને ખાસ રાજ્યનો દરજ્જો આપવાની માંગ સાથે નાયડુએ ભુખ હડતાળ કરી હતી. નાયડુની ભુખ હડતાળ સવારે આઠ વાગે શરૂ થયા બાદ રાત્રે આઠ વાગ્યા સુધી ચાલી હતી. તેમની ભુખ હડતાળને ટેકો આપવા માટે વિપક્ષી નેતાઓ પહોંચ્યા હતા. ભુખ હડતાળ પર બેસી ગયેલા નાયડુએ કહ્યુ હતુ કે આજે અમે અહીં કેન્દ્ર સરકારની સામે વિરોધ પ્રદર્શન કરવા માટે એકત્રિત થયા છીએ. ધરણાના એક દિવસ પહેલા જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગઈકાલે આંધ્રપ્રદેશ પહોંચ્યા હતા. મોદીએ આંધ્રપ્રદેશના ગન્ટુરમાં રેલી કરી હત. જેમાં મોદીએ નાયડુ પર તેજાબી પ્રહારો કર્યા હતા. તમામ લોકો જાણે છે કે ટીડીપી રાજ્યના વિભાજન બાદ આંધ્રપ્રદેશને કરવામાં આવેલા અન્યાયને લઈને એનડીએ સાથે છેડો ફાડી લેવાની જાહેરાત કરી હતી. પોતાની એક દિવસની ભુખ હડતાળના આગામી દિવસે એટલે કે આવતીકાલે મંગળવારના દિવસે નાયડુ રાષ્ટ્રપતિ રામનાથ કોવિન્દને એક આવેદનપત્ર સુપ્રત કરવાની યોજના ધરાવે છે. મુખ્યપ્રધાને તેમના કેબિનેટના પ્રધાનો, પાર્ટીના ધારાસભ્યો અને સાંસદો સાથે ધરણા પ્રદર્શન કર્યા હતા. રાજ્યના કર્મચારીઓ પણ આમા સામેલ થયા હતા.

### કેગનો રિપોર્ટ આજે સંસદમાં રજૂ કરવામાં આવશે

## રાફેલ અંગે કેગનો રિપોર્ટ રાષ્ટ્રપતિને મોકલી દેવાયો

નવી દિલ્હી, તા. ૧૧

રાફેલ ડિલમાં અનિયમિતતાને લઈને ઘમસાણની સ્થિતિ જારી રહી છે. ભાજપ અને કોંગ્રેસના એકબીજા ઉપર આક્ષેપો જારી છે. હવે કોંગ્રેસ પાર્ટીના આક્ષેપ વચ્ચે કેગે પોતાના અહેવાલ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને મોકલી દીધો છે. કોંગ્રેસ સહિત અનેક વિરોધ પક્ષો રાફેલ ડિલને લઈને સરકાર ઉપર પ્રહાર કરી રહ્યા છે. આવી સ્થિતિમાં આ ડિલ ઉપર તૈયાર કેગના રિપોર્ટને લઈને સંસદમાં રજૂ કરવા પર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. મળેલી માહિતી મુજબ કેગે રાફેલ ડિલ ઉપર તૈયાર પોતાના રિપોર્ટ સત્તાવારરીતે રાષ્ટ્રપતિને મોકલી દીધો છે. કેગે પોતાના રિપોર્ટની એક કોપી રાષ્ટ્રપતિને અને બીજી કોપી નાણામંત્રાલયને મોકલી દીધી છે. એમ માનવામાં આવે છે કે, કેગે રાફેલ ઉપર ૧૨ ચેપ્ટરને લઈને આવરી લઈને વિસ્તૃત અહેવાલ તૈયાર કર્યો છે. થોડાક સપ્તાહ પહેલા જ સંરક્ષણ મંત્રાલય દ્વારા રાફેલ ઉપર વિસ્તૃત જવાબ અને સંબંધિત રિપોર્ટ કેગને સોંપવામાં આવ્યો હતો જેમાં ખરીદી પ્રક્રિયાની વિગત અને ૩૬ વિમાનોની કિંમતોની પણ માહિતી આપવામાં આવી છે. કેગનો આ રિપોર્ટ ખુબ વિસ્તૃત છે જેને પ્રોટોકોલ હેઠળ સૌથી પહેલા રાષ્ટ્રપતિ પાસે મોકલવામાં આવ્યો છે. હવે રાષ્ટ્રપતિ ભવન તરફથી કેગનો અહેવાલ લોકસભા સ્પીકરની ઓફિસ અને રાજ્યસભાના ચેરમેનની ઓફિસમાં મોકલવામાં આવશે. બજેટ સત્રની બુધવારના દિવસે પૂર્ણાહૂતિ થઈ રહી છે ત્યારે એમ માનવામાં આવે છે કે, આવતીકાલે અથવા તો ત્યારબાદ રાફેલ ઉપર કેગનો અહેવાલ લોકસભા અને રાજ્યસભામાં મુકવામાં આવી શકે છે.

## વિપક્ષ સાથે મોદીનું વર્તન પાક પીએમ જેવું રહ્યું છે



નવીદિલ્હી, તા. ૧૧

આંધ્રપ્રદેશને ખાસ રાજ્યનો દરજ્જો આપવાની માંગ સાથે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુ આજે એક દિવસની ભૂખ હડતાળ ઉપર ઉતરી ગયા હતા. નાયડુને સમર્થન આપવા માટે અનેક વિપક્ષી નેતાઓ પહોંચ્યા હતા. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પણ સમર્થન આપવા માટે પહોંચ્યા હતા. તેમણે આક્ષેપ કરતા કહ્યું હતું કે, મોદી વિપક્ષી દળોની સાથે ભેદભાવ કરે છે. કેજરીવાલે મોદી ઉપર પાકિસ્તાનના વડાપ્રધાનની જેમ વર્તન કરવાનો આક્ષેપ કર્યો હતો.

### હાઈવે-રેલવે ટ્રેક ઉપર નાકાબંધીથી સેવાઓને માઠી અસર

## ગુર્જર આંદોલન 4 દિ' : કલમ 144 લાગૂ

### પાંચ ટકા અનામતની માંગણીને લઇને આંદોલન : કોઇપણ પ્રકારની હિંસાને રોકવા સાવચેતીના પગલા : વધુ ૧૦ ટ્રેનો રદ : આજે વધુ ૧૨ ટ્રેન રદ રહેશે



જયુપર,તા. ૧૧

રાજસ્થાનમાં પાંચ ટકા અનામતની માંગની સાથે ગુર્જર નેતાઓનું આંદોલન આજે ચોથા દિવસે પણ જારી રહ્યું હતું. રાજસ્થાનના દૌસા જિલ્લામાં આગરા સાથે જયપુરને જોડનાર નેશનલ હાઈવે-૧૧ ઉપર નાકાબંધી કરવામાં આવી હતી. શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી નોકરીઓમાં પાંચ ટકા અનાતમની માંગને લઈને શરૂ કરવામાં આવેલા આંદોલનની આજે પણ માઠી અસર જોવા મળી હતી. અનેક જગ્યાઓએ સીઆરપીસીની કલમ ૧૪૪ લાગૂ કરવામાં આવી છે. ધૌલપુરમાં સીઆરપીસીની કલમ હેઠળ પ્રતિબંધાત્મક આદેશ જારી કરાયા છે. કરોલી જિલ્લામાં પણ આવી જ હાલત બનેલી છે. મોટી સંખ્યામાં ટ્રેનો રદ કરવામાં આવી ચુકી છે જેથી જનજીવન ઉપર માઠી અસર થઈ છે. આંદોલનના કારણે અનેકના રૂટ ડાયવર્ટ કરવામાં આવ્યા હતા. આના કારણે સામાન્ય લોકો હવે ભારે મુશ્કેલી અનુભવ કરી રહ્યા છે. કેટલીક ટ્રેનોને આંશિક રીતે રદ કરવામાં આવી છે. ગુર્જર સમુદાયના લોકો વધારે મક્કમ બનીને આગળ વધી રહ્યા છે. રવિવારના દિવસે હિંસક દેખાવ કરવામાં આવ્યા બાદ હવે તમામ જગ્યાએ સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવામાં આવી છે.પશ્ચિમ રેલવને અને પશ્ચિમ મધ્ય રેલવે તરફથી ટ્રેનોને માઠી અસર થઈ છે. ગુર્જર નેતા કિરોડીસિંહે કહ્યું છે કે આ લડાઈ આરપારની છે.

